# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ : તૃતીયખંડ
### પ્રશ્નપત્ર - ૨

**સમય : બપોરે ૨ થી ૫** **રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦** **કુલ ગુણ : ૧૦૦**

**(વિભાગ - ૧ : 'સ્વામિનારાયણ વેદાંત પરિચય' દ્વિતીય આવૃત્તિ, જુલાઈ, ૧૯૯૪ ને આધારે)**

**પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત માહિતી લખો. (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ હોવા જોઈએ. પરીક્ષાર્થીએ બધા જ મુદ્દા ન લખ્યા હોય, પણ પ્રશ્નના જવાબને પોતાની રીતે ન્યાય આપ્યો હોવો જોઈએ. વચનામૃતના નંબર પણ ન લખ્યા હોય તો ચાલે. આ નોંધ પ્રશ્ન-૧, પ્રશ્ન-૨ અને પ્રશ્ન-૩ને સરખી જ લાગુ પડે છે.**

૧. **પરબ્રહ્મનું સ્વરૂપ (૨૫-૨૮) :-** **(૧)** પરબ્રહ્મ સર્વના પ્રેરક છે. તેમના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી. (ગ. પ્ર. ૬૪ ને ગ. પ્ર. ૭૮) **(૨)** અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે. (ગ.અં. ૩૨) **(૩)** સર્વકર્તા છે. સર્વ કારણના કારણ છે. અતિ સમર્થ છે. કર્તુમ્-અકર્તુમ્-અન્યથાકર્તુમ્ સમર્થ છે. (લો. ૧૩) **(૪)** પોતાની (બ્રહ્મરૂપ એવી) અંતર્યામી શક્તિએ કરીને સર્વેને વિષે વ્યાપક છે, ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે. (ગ.મ. ૧૩ ને ગ.પ્ર. ૪૫) **(૫)** એ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે નહિ. (ગ.પ્ર. ૩૭) **(૬)** એ ભગવાન જેવો થવાને કોઈ સમર્થ નથી. (ગ.મ. ૬૭) **(૭)** ભગવાનનું સ્વરૂપ, તે તો માયા ને માયાના જે ગુણ તે થકી પર છે અને સર્વ વિકારે રહિત છે. (ગ.પ્ર. ૨૪) **(૮)** માયાને વિષે તથા માયાનાં ચોવીસ તત્ત્વને વિષે ભગવાન આવે ત્યારે તે માયા અને તત્વો પણ બ્રહ્મરૂપ અને નિર્ગુણ થઈ જાય તેવા શુદ્ધ, અવિકારી, નિર્લેપ અને દિવ્ય છે. (વર. ૭) **(૯)** ભગવાનને અતિશય નિર્દોષ અને દિવ્ય સમજે તો ગમે તેવો દોષયુક્ત મુમુક્ષુ પણ અતિશય નિર્દોષ થઈ જાય, એવો એ ભગવાનના સ્વરૂપનો મહિમા છે. (ગ.પ્ર. ૨૪) **(૧૦)** સર્વાન્તર્યામી અને સર્વજ્ઞ એવા ભગવાન એકકાળાવિછિન્ન બધું જાણે છે. અનંત કોટિ બ્રહ્માંડને વિષે રહ્યા એવા જે જીવ ને ઈશ્વર તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય ને તેને દેખે, તેમ ભગવાન દેખે છે. (ગ.મ. ૫૩) **(૧૧)** ભગવાન છે તે અનેક બ્રહ્માંડના રાજાધિરાજ છે. (ગ.અં. ૩૯) **(૧૨)** ભગવાનની મૂર્તિ પરમ ચૈતન્ય સચ્ચિદાનંદમય છે. (પં. ૭) અતિ રૂપવાન છે, અતિ તેજસ્વી છે. (લો. ૧૩) **(૧૩)** જેના એક એક રોમને વિષે કોટિ કોટિ સૂર્ય જેવો પ્રકાશ છે, ને કોટિ કામદેવને લજ્જા પમાડે એવા તે ભગવાન રૂપાળા છે. અતિશય સુખસ્વરૂપ છે, જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોવાનું સુખ તુચ્છ થઈ જાય છે અને આ લોક અને પરલોક સંબંધી જે પંચવિષયનાં સુખ તે ભગવાનની મૂર્તિના સુખ આગળ તુચ્છ થઈ જાય છે, એવું ભગવાનનું સ્વરૂપ છે. તે સ્વરૂપ સદા દ્વિભુજ છે. (લો. ૧૮) **(૧૪)** સર્વે સુખમય મૂર્તિ તો એ ભગવાન જ છે. (ગ.અં. ૨૮) **(૧૫)** તે સુખ નિર્ગુણ છે, અખંડ છે, અવિનાશી છે. (વર. ૯) **(૧૬)** ભગવાનનો મહિમા અપાર, નેતિ-નેતિ છે. (ગ.મ. ૫૩) **(૧૭)** ભગવાન માયિક કરચરણાદિકે રહિત, પરંતુ દિવ્ય કરચરણાદિકે સહિત છે. (ગ. પ્ર. ૪૫) **(૧૮)** દ્વિભુજ-દ્વિચરણયુક્ત, સદા દિવ્ય, મનુષ્યાકૃતિ ભગવાનનું સ્વરૂપ છે. અતિ મનોહર છે. સદા કિશોરમૂર્તિ છે. કેવળ ભગવાન જ નિર્ગુણ છે, ગુણાતીત છે, અમાયિક છે, દિવ્ય છે. (ગ.મ. ૧૩) **(૧૯)** જ્યારે ભગવાનની મોટ્યપ સામું જોઈએ, ત્યારે તો એવું કોઈ પદાર્થ છે જ નહીં જે, તેની કોટિમાં ભાગના પાશંગમાં પણ આવે. (ગ.મ. ૫૭) **(૨૦)** અને ભગવાનનું જે સ્વરૂપ છે તેમાં તો સર્વે સુખ ભેળાં રહ્યાં છે. તે એક દર્શને કરે તો પણ તે ભક્ત પૂર્ણકામ થઈ જાય. (ગ.મ. ૧) **(૨૧)** અર્થાત્ બીજા માયિક જે પંચવિષય છે તેમાં તો એક વિષયનો સંબંધ થાય ત્યારે એક વિષયનું જ સુખ પ્રાપ્ત થાય પણ બીજાનું ન થાય..... અને ભગવાનમાં તો સર્વે વિષયનું (દિવ્ય) સુખ એક કાળે પ્રાપ્ત થાય છે ને તે સુખ મહાઅલૌકિક છે ને અખંડ અવિનાશી છે. (ગ.અં. ૨૭, પંચાળા-૪) **(૨૨)** તે ભગવાનનું જે એક નિમેષમાત્રનું દર્શન તે ઉપર અનંતકોટિ બ્રહ્માંડના જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાખી દઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહીં. (સા. ૧) અને અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ-સ્થિતિ અને

પ્રલય. તેમના એક સંકલ્પમાત્રે કરીને થાય છે, તેવા એ ભગવાન મોટા છે. (૨૩) કેવળ ભગવાન જ કર્મફળદાતા છે. ધર્મ-એકાંતિક ધર્મના ધારક છે. સ્થળ-કાળ-પરિમાણ-મર્યાદાઓથી પર છે. દેશ, કાળ, કર્મ, માયા, ઇત્યાદિનું ભગવાન જેટલું ચાલવા દે તેટલું જ ચાલે છે. પરમેશ્વરનાં ગમતાં બહાર, અણુમાત્ર પણ એ બધાં કંઈ કરી શકતાં નથી. (ગ.મ. ૨૧) (૨૪) ક્ષર-અક્ષરથી વિશિષ્ટ હોવાને લીધે અનંતકોટિ બ્રહ્માંડોનું નિમિત્તકારણ તથા ઉપાદાનકારણ ભગવાન છે. પોતાના દિવ્યધામમાં સદાય વ્યતિરેકસ્વરૂપે રહ્યાં થકાં અન્વયપણે (અંતર્યામી શક્તિથી) અક્ષરબ્રહ્મથી લઈને ઇન્દ્રાદિ દેવતા પર્યંત સર્વેને વિષે તારતમ્યતાએ કરીને રહ્યા છે. સર્વોપરિ, અન્યથાકર્તુમ્ શક્તિધારક તો કેવળ પરબ્રહ્મ જ છે. કારણ કે, જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે, તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટિ મુક્તને પોતાને ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે.... તેમ એ નારાયણ પોતાને ઐશ્વર્યે કરીને સર્વોપરિ વર્તે છે. (લો. ૧૩) (૨૫) તેથી જ ભગવાન પુરુષોત્તમને ઇન્દ્રિયો-અંતઃકરણને અગોચર એવા પરબ્રહ્મ કહ્યા છે. (લો. ૪ ને લો. ૭)

૨. **ગુરુ-શિષ્યના લક્ષણો :-** (૮૩ થી ૮૭) (૧) 'શ્રીહરિદિગ્વિજય' ગ્રંથમાં નિત્યાનંદ સ્વામી લખે છે : ''ગુરુનું અસાધારણ લક્ષણ બ્રહ્મનિષ્ઠા છે અને શિષ્યનું અસાધારણ લક્ષણ મુમુક્ષુતા છે.'' દૈવી સંપદાએ યુક્ત મુમુક્ષુજન જ ધાર્મિક આધ્યાત્મિક શિક્ષા-સિદ્ધિને પાત્ર છે, (શિક્ષા. ૨૧૦) કારણ કે ''જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને સાચા સંતનો સંગ મળે તો તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો, તેના હૃદયને વિષે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણો તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે.'' (સા. ૧૮) તથા ''જો શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઊપજે, તથા રૂડા દેશાદિક પ્રાપ્ત થાય, તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળે તો સર્વોત્કૃષ્ટ (ભગવાનનો) નિશ્ચય થાય.'' (લો. ૧૨) (૨) સામે પક્ષે ગુરુ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ '**शाब्दे परे च निष्णातः**' અર્થાત્ શાસ્ત્રના સાચા અર્થના જાણકાર ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિવાળા ગુરુ થકી જ સાચું જ્ઞાન થાય છે, કારણ કે ''શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી.'' (ગ.પ્ર. ૬૬) (૩) આવા ગુરુને ઓળખવા કેમ ? તે બતાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે : ''ઇન્દ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ, તેની ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ, ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે, ને પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય, ને પોતાને બ્રહ્મરૂપ માને, ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે, એવા સંત (સદ્ગુરુ) તેને મનુષ્ય જેવા ન જાણવા, ને દેવ જેવા પણ ન જાણવા. કેમ જે એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. માટે જેને કલ્યાણનો ખપ હોય એવા જે (મુમુક્ષુ) પુરુષ તેને એવા સંતની સેવા કરવી.'' (ગ.અં. ૨૬) (૪) એવા ''સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ તે જ આત્મદર્શનનું સાધન છે... અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.'' (વર.૧૧) (૫) સર્વાવતારી પરબ્રહ્મ ભગવાન જ્યારે પૃથ્વી પર પધારે છે ત્યારે પોતાનું અક્ષરધામ (સાકાર-મૂર્તિમાન) ને સાથે જ લાવે છે. (ગ.પ્ર. ૭૧ પ્રમાણે) અને કૃપા કરીને એ અક્ષરને ઓળખાવે પણ છે. અને જેમ શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા, ત્યારે ''અજ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, હવે એ નાશ થઈ ગયા. અને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, અહીંથી અંતર્ધાન થઈને બીજે ઠેકાણે જણાણા છે.'' (પં. ૭) (૬) તે જ ન્યાયે પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાન અક્ષરબ્રહ્મરૂપ માધ્યમ દ્વારા પ્રગટ છે. આ વાતની પુષ્ટિ વરતાલ-૧૦ માં પણ કરી છે : ''અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'' અહીં 'મળેલા' અર્થાત્ ભગવાન જેમાં સમ્યક્ પ્રકારે અખંડ નિવાસ કરીને રહ્યા છે એવા ભગવાનના અખંડધારક, સર્વાધાર અક્ષરબ્રહ્મ સ્વરૂપ (ગ.પ્ર. ૨૭ પ્રમાણે) સંત બતાવ્યા છે. (૭) અને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત (એકાંતિક) ધર્મનું પોષણ થાય છે ને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. (ગ.પ્ર. ૫૪) (૮) માટે શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતના લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે. તેથી એવા સંતને વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો. (ગ.અં. ૨૭) (૯) અને એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતને સંગે જ મુમુક્ષુ જીવ ''નિરંતર મનન કરતો સતો (પ્રગટ) બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મના ગુણ જીવને વિષે આવે છે.'' (ગ.મ. ૩૧) (૧૦) અને એ જીવ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાભક્તિનો અધિકારી બને છે તથા પરમપદ જે મોક્ષ તેને પામે છે. અને એવા સંતને ભગવાનના નિશ્ચયરૂપ તદાત્મકપણાવાળા, નિર્વિકલ્પ સમાધિવાળા, નિર્ગુણબ્રહ્મસ્વરૂપ (ગ.મ. ૧૪માં) કહ્યા છે.

ને એ સંતની સર્વ ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે. માટે એ સંત તો બ્રહ્માંડના સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવા સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ સર્વાધાર અક્ષરબ્રહ્મ છે. (ગ.પ્ર. ૨૭) **(૧૧)** તથા જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભગુણ તેણે યુક્ત જે ભક્ત (સંત) તેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે. (ગ.પ્ર. ૨૭) **(૧૨)** જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઇત્યાદિક પરોક્ષ સંતનું જે માહાત્મ્ય છે, તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન અને તે ભગવાનના પ્રત્યક્ષ (પરમએકાંતિક બ્રહ્મસ્વરૂપ) ભક્ત સાધુ તેનું માહાત્મ્ય છે. (ગ.મ. ૨૧) **(૧૩)** એવા પરમ એકાંતિક સંત તે તો ગુણાતીત છે. (વ. ૧) **(૧૪)** તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે અને એનાં દર્શન કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે, એવા મોટા છે. (ગ.પ્ર. ૩૭) **(૧૫)** અને જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે, તેમ તે (સંત) પણ સ્વતંત્ર થકા દેહ ધરે છે. પણ કાળ, કર્મ ને માયા તેને આધીન થકા દેહને નથી ધરતા. (અમ. ૨) **(૧૬)** એવા સંતનું દર્શન તે સાક્ષાત્ ભગવાનનું દર્શન છે. (સા. ૧૦) માટે જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે. (અને) જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતી દેહે જ પામે છે. (ગ.અં. ૨) **(૧૭)** એવા ભક્ત (સંત) જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે. (કા. ૧૧) **(૧૮)** તેમને વ્યાવહારિક દૃષ્ટિએ વર્તવું તે કેવળ જીવો પર દયાએ કરીને છે. (ગ.અં. ૧૪) તેથી એવા સંતનો સમાગમ મળે ત્યારે પરમચિંતામણિને કલ્પવૃક્ષ મળેલ છે, એમ સમજવું. (ગ.પ્ર. ૧૪) **(૧૯)** અને એ તો વડવાનળ અગ્નિ જેવા સિદ્ધદશાવાળા ભગવાનના પરમ એકાંતિક સાધુ છે. (વર. ૩) **(૨૦)** એવા (બ્રહ્મસ્વરૂપ) ઉત્તમભક્તની (સંતની) અતિપ્રેમે (ભગવાનના) સરખી સેવા કરનાર આને આ જન્મે ઉત્તમભક્ત જેવો (બ્રહ્મરૂપ) થઈ જાય છે. (વ. ૫)

૩. **માયા-પ્રકૃતિ-જગત (૪૬-૪૮) :- (૧)** માયા શબ્દે કરીને ત્રિગુણાત્મિકા પ્રકૃતિનો નિર્દેશ કર્યો છે. માયાને અવિદ્યા, તમસ, પ્રકૃતિ, અવ્યક્ત વગેરે તરીકે પણ ઓળખાવી છે. સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણ યુક્ત હોઈ તેને ત્રિગુણાત્મિકા કહી છે. માયા અંધકારરૂપ છે, જડચિદાત્મક છે, નિત્ય છે, નિર્વિશેષ છે. દેહ તથા દેહના સંબંધીને વિષે અહંમમત્વની કરાવનારી છે. માયા પણ પરબ્રહ્મને આધીન પરબ્રહ્મ દ્વારા નિયામ્ય છે, પરતંત્ર છે અને પરબ્રહ્મની શકિત છે. (અહીં 'માયા' શબ્દે કરીને મહામાયા-મૂળમાયા-મૂળપ્રકૃતિ ને પરબ્રહ્મની શક્તિ તરીકે નિરૂપી છે) માયા પરબ્રહ્મની કાર્યોપયોગી પરંતુ પરબ્રહ્મ પર સદા અવલંબિત શક્તિ છે, છતાં પરબ્રહ્મ, માયાથી સદા નિર્લેપ, અસંગી છે. માયા અચેતન (અચિદ્) છે, વિભુ છે અને મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વોએ યુક્ત છે. **(૨)** માયાને વિસ્મયકારક કહી છે. માયાની કરામતને ઓળખવી દુષ્કર છે. તેના પાશમાંથી મુક્ત થવું અતિ કઠિન છે. બ્રહ્મસ્વરૂપ સંત અને એ દ્વારા પ્રાપ્ત થતા સત્યજ્ઞાન વગર માયાને ઓળખવી અને તરવી અશક્યવત્ છે. માયાને લીધે આત્મસ્વરૂપનું અને પરમાત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થઈ શકતું નથી. ભગવાન વિના અન્ય પદાર્થમાં હેત તથા ભગવદ્ધ્યાનમાં આડખીલીરૂપ સર્વ પદાર્થને માયા કહી છે તેથી જ ભગવાન વિના બીજે હેત રહે તેમ જ દેહને વિષે અહંબુદ્ધિ, દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વ-બુદ્ધિને તથા પંચવિષયને વિષે હેત રહે, તેને માયા કહી છે. પ્રમાદ ને મોહ માયાનું જ કાર્ય છે. **(૩)** ચેતન જીવેશ્વરોને જડસંજ્ઞા પમાડવાની શક્તિ માયા ધરાવે છે. માયા નિર્વિશેષ છે. અનાદિ છે. મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વોની જનેતા છે. જીવેશ્વરોના બંધનનું કારણ છે. જીવેશ્વરોનું ક્ષેત્ર છે. પરબ્રહ્મ પરમાત્માના એક દેશને વિષે તેમની શક્તિરૂપે રહેલી હોવા છતાં, પરમાત્માની બક્ષેલી સત્તાએ કરીને જગત, ઈશ્વરો અને જીવોને વિષે વ્યાપક છે; પરંતુ માયાની સત્તા પરમેશ્વર, પરમેશ્વરના અવતાર, અક્ષરબ્રહ્મ, બ્રહ્મસ્વરૂપ સંત અને અક્ષરમુક્તો પર ચાલતી નથી. એ સર્વમાં માયાનો લેશ નથી. એ સર્વે દિવ્ય, નિર્દોષ અને નિર્લેપ છે. ઊલટાનું જેના પર ભગવાન ને બ્રહ્મસ્વરૂપ સંતની કૃપા-પ્રસાદ છે, તેવા મોક્ષને માર્ગે ચાલનારા ભક્તજનોને તથા મુમુક્ષુઓને પણ માયા સાનુકૂળ થઈ રહે છે. **(૪)** ગાઢ અવિદ્યામય-અંધકાર જેવા પ્રલયકાળે માયા-પ્રકૃતિમાં અસંખ્યાત ચેતન જીવો અને ઈશ્વરો જડતુલ્ય થઈને લીન (બીજરૂપે) રહે છે, તેથી માયાને જડચિદાત્મક કહી છે, તમસ્ કહી છે. માયા જ જીવેશ્વરો માટે અવિદ્યા-કર્મ, અજ્ઞાન અને બંધનનું કારણ છે. (સત્સંગિજીવન ૧૨/૬) **(૫)** માયા (મહામાયા) ઉત્પત્તિરહિત છે, નિત્ય છે, જ્યારે માયાનું કાર્ય જે મહદાદિક ચોવીસ તત્ત્વો અનિત્ય છે, નાશવંત છે. તેથી જગત સત્ય છે, પરંતુ નિત્ય નથી. જગત, ભ્રમ, ભ્રાંતિ કે કાલ્પનિક નથી; પરંતુ નાશવંત છે અને દુઃખકારક છે તથા બંધનકારક છે. આમ, સ્વામિનારાયણીય વેદાંત યથાર્થવાદી (વાસ્તવવાદી) છે.

**પ્ર-૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>બે</u> ઉપર નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. **ભક્તિ અને શરણાગતિ (૭૮ થી ૮૩)** **(૧)** પરમેશ્વરને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે અતિશય સ્નેહ, તે ભક્તિ જાણવી. (શિક્ષા-૧૦૩) **(૨)** અને ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ..... પરિપૂર્ણ સ્નેહ હોય તેને ભગવાન વિના બીજો સંકલ્પ ન થાય... ને જાણે-અજાણે બીજો કાંઈક ઘાટ થાય, તો જેમ કપાળમાં બળબળતો ડામ દે, ને જેવો વસમો લાગે, તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તો વસમો લાગે. (ગ.પ્ર. ૪૪) **(૩)** માટે હેત (સ્નેહ) તો જેમ દેહ ને દેહના સંબંધી સંગાથે છે, તેવું ભગવાનને વિષે કરવું. એ હેતને મૂઢપણાનું હેત કહીએ. (ગ.પ્ર. ૫૭) **(૪)** પરંતુ, પરમેશ્વરને વિષે જે પ્રીતિ હેત કરવું તે આત્મસત્તારૂપ રહીને કરવું. કારણ કે આત્મારૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી, એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે. (ગ.પ્ર. ૪૩) **(૫)** આવી રીતે હેત કરનારાએ ચોવીસ તત્ત્વ થકી પોતાના જીવાત્માને પૃથક્ જાણવો. પંચઇન્દ્રિયની વૃત્તિઓને વિષયમાંથી ઉખેડી નાંખીને જીવસત્તાપણે રહીને નિર્ગુણપણે જેટલું હેત ભગવાનમાં થાય તેટલું કરવું. કારણ કે એવી રીતે જે ભગવાનમાં હેત કરે, એ જ શ્રીહરિને ગમે છે. (પં. ૩) **(૬)** ભગવાનનું માહાત્મ્ય જાણીને હેત થાય, તે સર્વોત્તમ છે. (પં. ૩) **(૭)** કારણ કે માહાત્મ્યજ્ઞાન વિનાની ભક્તિ ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે..... અને જેના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ હોય, તો બીજા કલ્યાણકારી રૂડા ગુણ તેના હૃદયમાં સર્વે આવે છે... (અને) એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે. (સા. ૫) **(૮)** આવા ભક્તિવાળાને ભગવાનની મૂર્તિ વિના પિંડ-બ્રહ્માંડ કાંઈ ભાસતું નથી. (ગ.પ્ર. ૨૬) **(૯)** તેને ભગવાન સંબંધી જ પંચવિષય હોય છે. જગત સંબંધી પંચવિષયમાં અતિશય અભાવે યુક્ત વર્તે છે. તેથી તે સાચા અર્થમાં રસિક ભક્ત કહેવાય છે. (ગ.પ્ર. ૨૬) **(૧૦)** પતિવ્રતા સ્ત્રીની માફક તેનું મન, પોતાને મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને મૂકીને ક્યાંય લોભાતું નથી. (ગ.મ. ૬૨ ને ગ.અં. ૨૬ પ્રમાણે) **(૧૧)** તેને ઇષ્ટદેવને વિષે સીતાજીની માફક નિર્દોષપણાની દૃઢ નિષ્ઠા હોય છે. એવી ભક્તિવાળો સર્વે ચરિત્રોને વિષે પોતાના ઇષ્ટદેવને નિર્લેપ, નિર્દોષ અને દિવ્ય જુએ છે. (ગ.અં. ૧૧ ને ગ.મ. ૧૦ પ્રમાણે) **(૧૨)** ભક્તિવાળો કુસંગ, દેહાભિમાન ને સ્વભાવનો ત્યાગ રાખે છે. નિર્માનીપણે ભક્તિ કરે છે. ઈર્ષ્યાથી, હરીફાઈ કરવા, સારું દેખાડવા, લોક ને રીઝવવા, બીજાને પાછા પાડવા કે વખાણ માટે ભક્તિ કરવી નહીં, કેવળ પરમેશ્વરની પ્રસન્નતાને અર્થે જ ભક્તિ કરવી. (ગ.મ. ૪૧, ગ.અં. ૬ને ૩૩) **(૧૩)** ''બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું; પણ પ્રકટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું.'' (ભક્તિનિધિ- ૪૪/૭) **(૧૪)** માટે પ્રગટની ભક્તિ સર્વોપરિ છે અને એ જ જીવનમુક્તિની અપાવનારી છે. આવી ભક્તિ, શ્રીહરિના અખંડધારક પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષને પ્રસંગે બ્રહ્મરૂપ થઈએ ત્યારે જ સિદ્ધ થાય છે. **(૧૫)** મુક્તિ ભક્તિએ કરીને છે. અહીં 'ભક્તિ' શબ્દે કરીને 'એકાંતિકી ભક્તિ' એવો અર્થ લેવાનો છે, કારણ કે 'આત્મનિષ્ઠા (જ્ઞાન), વૈરાગ્ય અને ધર્મ તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય, આત્મનિષ્ઠા (જ્ઞાન) તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી. અને જો ધર્મ, આત્મનિષ્ઠા (જ્ઞાન) ને વૈરાગ્ય અતિશય ન હોય ને એકલી ભગવાનની ભક્તિ હોય તો પણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે. એટલો ધર્માદિ થકી ભક્તિને વિષે વિશેષ છે, તો પણ ધર્માદિક અંગનું સહાયપણું હોય તો એ ભક્તિને વિષે કોઈ વિઘ્ન થતું નથી.... માટે ધર્માદિક અંગે સહિત (એકાંતિકી) ભક્તિ કરવી. (ગ.મ. ૩૨) **(૧૬)** વળી, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિના સાધનચતુષ્ટયવાળો એકાંતિક ધર્મ (એકાંતિકી ભક્તિ) ઉપદેશીને ભગવાન સ્વામિનારાયણે ભગવદ્‌ગીતામાં ઉપદેશેલા ચારે માર્ગોનું પ્રતિપાદન કર્યું છે. નીતિ સદાચાર પર આધારિત નિત્યકર્મ, નૈમિત્તિક કર્મો, વિશેષ ધર્મો, સ્વધર્મ ઇત્યાદિ ધર્મ દ્વારા કર્મમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. આત્મનિષ્ઠા અર્થાત્ પાંચ ભેદો અને બ્રહ્મ-પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપના યથાર્થજ્ઞાન દ્વારા જ્ઞાનમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. સદ્-અસદ્‌ના જ્ઞાનમાંથી પરિણમતા વૈરાગ્યનું પ્રતિપાદન કરીને ત્યાગ અને અનાસક્તિની ભાવનાને પોષી છે. તેણે કરીને કર્મમાં બંધન થતું નથી, ફળની આશા પ્રધાન થતી નથી અને સર્વે કર્મો પરમેશ્વરની આજ્ઞા માની પરમેશ્વરને પરમ લક્ષ્ય રાખીને થાય છે. તેનાથી પ્રવૃત્તિ કરવાં છતાં નિવૃત્તિ અને નૈષ્કર્મ્યની સિદ્ધિ થાય છે. **(૧૭)** આ રીતે વૈરાગ્ય દ્વારા અનાસક્તિમાર્ગનું અને યોગમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિને લીધે બ્રહ્મરૂપ થઈ પરમેશ્વરમાં પ્રીતિ કરાય છે. સર્વે વૃત્તિ, પ્રવૃત્તિ અને પદાર્થ પરમેશ્વરને ચરણે ધરી દેવાથી આત્મનિવેદી થવાય છે. સર્વ ક્રિયા નિર્ગુણ થાય છે. પરમેશ્વરમાં લીનતા (સ્નેહૈક્ય) થાય છે. પરમેશ્વર વરેણ્ય થાય છે. આ રીતે ભક્તિમાર્ગનું પ્રતિપાદન પણ કર્યું છે. **(૧૮)** આ સંપ્રદાયમાં શરણાગતિનો મહિમા છે; પરંતુ શરણાગતે શરણાગતિ ગ્રહણ કર્યા પછી કંઈ જ કરવાનું નહીં અને બધું જ પરમાત્માએ કરવાનું, એવું નથી સ્વીકાર્યું, સદ્‌ગુરુ દ્વારા પરમાત્માની શરણાગતિ સ્વીકારી, સંપ્રદાયમાં શામિલ થઈ અધ્યાત્મ માર્ગ ગ્રહણ કરનાર મુમુક્ષુજનનાં બધાં જ પાપ, ભય, દોષ, ત્રાસ, ઇત્યાદિથી રક્ષા પરમાત્મા કરે છે; પરંતુ શરણાગતે પરમેશ્વરની મોક્ષપ્રદ કૃપા પામવા માટે પરમેશ્વરની રુચિ, રહસ્ય, અભિપ્રાય અને

આજ્ઞાનુસાર કર્મો કરવાં જ પડે છે. ભગવાનનો દૃઢ આશ્રય, મનના માનેલા ધર્મોનો પરિત્યાગ, ભગવાનની મરજી પ્રમાણે જ વર્તન, રક્ષાના કરનારા કેવળ ભગવાન જ છે એ મહાવિશ્વાસ અને ભગવાન સિવાય કોઈની પાસેથી કાંઈ સુખ ન ઈચ્છનારો - ભગવાનનો શરણાગત અનન્ય ભક્ત કહેવાય છે. (વ. ૫) **(૧૯)** અને આવો માહાત્મ્યજ્ઞાને યુક્ત શરણાગત, ભગવાન અને તે ભગવાનના અખંડ ધારક સંતને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તો પુરુષનો ત્યાગ કરે. (લો. ૩) **(૨૦)** તથા પોતાનું સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગ અર્થે માથું દેવું હોય તો દે અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે 'તું પરમહંસ થા' તો તે તત્કાળ પરમહંસ થાય. (ગ.મ. ૬૧) **(૨૧)** એવા શરણાગત પર પરમાત્મા વરેણ્ય થઈને, પોતાના કૃપા-અનુગ્રહ દ્વારા મુક્તિ આપે છે. પોતાના ધામમાં, પોતાની સેવામાં નિત્ય નિવાસ આપે છે. **(૨૨)** હા, એ ખરું છે કે, પરમાત્મા જો પોતે જ અતિકૃપા-કરુણાથી પ્રસન્ન થઈ કોઈ પ્રપન્નને સીધો જ (સાધન માર્ગમાંથી પસાર થયા વગર પણ) પરમપદ આપવા ઈચ્છે તો આપી શકે છે અને આપે પણ છે. આ વસ્તુ પરમાત્માની કૃપા-કરુણાનું અધિકપણું સૂચવે છે, અને નહિ કે પ્રપન્નનો સીધો જ પરમપદનો અધિકાર. **(૨૩)** પોતાના આશ્રિત ભક્તજનને અંતકાળે સ્વધામ તેડી જવા ભગવાન પોતે દિવ્ય દેહે મુક્તો-પાર્ષદોસહ આવે છે. એવું પરમાત્માનું વરદાન છે. આ હકીકત સંપ્રદાયના હરિભક્તોએ અનુભવમાં નિહાળેલી અને સિદ્ધ થયેલી જોઈ છે. તેથી શ્રદ્ધા અને વિશ્વાસથી તેઓ માને છે કે સત્સંગીની અવગતિ ક્યારેય થતી નથી. ભગવાન પોતાના ભક્તની રક્ષામાં જ હોય છે.

૨. **ધર્માચાર અને વિશાળ દૃષ્ટિબિંદુ : (૮૯ થી ૯૨)** આ સંપ્રદાયમાં આચારશુદ્ધિ, ચારિત્ર્યશુદ્ધિ તથા આધ્યાત્મિક જીવનશુદ્ધિ પર વધુ ભાર આપ્યો છે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્યને માનવધર્મનો પાયો ગણ્યો છે. મદ્યનિષેધ, માંસભક્ષણનિષેધ, સ્તેન (ચોરી) કર્મનિષેધ, વ્યભિચારનિષેધ અને સ્વધર્મપાલન આ પાંચ વ્રતોને સર્વે મુમુક્ષુઓ (આશ્રિતો) માટે ધાર્મિક જીવનનાં આવશ્યક અંગભૂત ગણ્યાં છે. તદુપરાંત વિશ્વાસઘાત, તાડન, હિંસા, કુથલી, દોષારોપણ, પરસ્ત્રીનો સંગ, અભક્ષ્ય-ભક્ષણ, અનધિકારી વિમુખના મુખે કથા-શ્રવણ, નિંદા, આત્મશ્લાઘા, અશ્લીલભાષા પ્રયોગ, આત્મહત્યા, કુસંગ ઈત્યાદિનો ત્યાગ કરવાનું સૂચવ્યું છે. પૂર્તકર્મો, દાન, વિદ્વાન, ગુરુ, દેવ, બ્રાહ્મણ, સાધુ, માતા-પિતા, ગુરુજનો, પતિવ્રતા, અતિથિ, દેવમંદિરો, શાસ્ત્રો, ધર્મકાર્યો, વિદ્યાભ્યાસ, વિદ્યાદાન, ઈત્યાદિ પ્રત્યે આદર રાખી, ફરજ બજાવવાનું આવશ્યક ગણ્યું છે. સ્ત્રીઓ અને પુરુષોએ સહજીવનમાં વિવેક, મર્યાદા અને ફરજ ક્યારેય ચૂકવાની નથી. આ નિયમો સંપ્રદાયને આશ્રિત સર્વે જનોને લાગુ પડે છે, પરંતુ સંસારનો ત્યાગ કરી માનવસેવા, ધર્મોપદેશ અને અધ્યાત્મસાધનાનો ઉચ્ચતર માર્ગ ગ્રહણ કરનારા સાધુ-બ્રહ્મચારી-પાર્ષદો માટે પાંચ વિશેષ વર્તમાનો આપ્યાં છે. આ પંચવર્તમાન એટલે નિઃસ્વાદ, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્નેહ અને નિર્માન. આ પાંચ વિશેષ નિયમો પાળી તેની સિદ્ધિ કરવી સાધુ-સંતો માટે અતિ આવશ્યક છે. તેથી જ ત્યાગીવર્ગ (સાધુ-પાર્ષદો) માટે દ્રવ્યસંપત્તિનો સર્વથા ત્યાગ, અષ્ટપ્રકારે સ્ત્રીપ્રસંગનો ત્યાગ, નિઃસ્વાદીપણા માટે બધું મેળાવીને એક અંજલિ પાણી નાખીને લાકડાના પાત્રમાં ભોજન કરવું. ફક્ત અગિયાર વસ્ત્રો અને ધર્મગ્રંથો સિવાય બધી વસ્તુનો અપરિગ્રહ, માન મૂકી નીચામાં નીચી સેવા કરવી, પોતાના પૂર્વાશ્રમના સગાંઓ અને વતન સાથેનો સંપર્ક ત્યજી દેવો, ગ્રામ્યવાર્તા અને જાગતિક બાબતોમાંથી વૃત્તિ પાછી ખેંચી લેવી એવી વિશેષ આજ્ઞાઓ આપેલી છે. તદુપરાંત નૈતિક જીવનને લગતાં, ધાર્મિક જીવનને લગતાં અને આધ્યાત્મિક જીવનને લગતાં નિત્યકર્મો, નૈમિત્તિક કર્મો અને સ્વધર્મનું દરેકે પાલન કરવું જ જોઈએ, એવો આગ્રહ અને સજાગપણું આ સંપ્રદાયમાં જોવા મળે છે. ટૂંકમાં વિચાર, ઉચ્ચાર, આચાર અને હૃદયની પવિત્રતા - એ ધાર્મિક, આદ્યાત્મિક જીવનનું પ્રથમ સોપાન છે. તેથી જ આચાર, વ્યવહાર અને અધ્યાત્મજીવનને પરિશુદ્ધતી 'શિક્ષાપત્રી' તેમણે આપી છે. તેના પાલનથી સત્ત્વશુદ્ધિ થાય છે, અધિકારીપણું પ્રાપ્ત થાય છે. અધ્યાત્મદર્શન માટેની પાત્રતા કેળવાય છે. આવા સદાચારયુક્ત ધર્મનું પાલન કરનાર બધા જ શરણાગત ભક્તોના યોગક્ષેમની સંભાળ ભગવાન પુરુષોત્તમ રાખે છે. તેના અન્ન-વસ્ત્રની જવાબદારી ભગવાન લે છે. તેનું શૂળીનું દુઃખ, ભગવાન કાંટે મટાડે છે. મનનો સહેજ પણ વિશ્વાસ કરવો નહિ. તેને સદાય પરમેશ્વરાભિમુખ પ્રવૃત્તિમાં જોડી રાખવા પંચરાત્ર આગમો અને ભાગવતાદિ પુરાણો દ્વારા પ્રતિપાદિત ભક્તિ પરિપુષ્ટિકારક પ્રવૃત્તિઓને નિર્ગુણ અને આવશ્યક ગણી છે. સંગીત અને કીર્તનને ભક્તિની અભિવ્યક્તિ અને પૂર્તિ કરનાર, તથા પરમેશ્વરની પ્રસન્નતામાં સહાય કરનાર ઉપકરણરૂપે વિકસાવેલું છે. ચિત્રકળા, શિલ્પ, સ્થાપત્ય અને મંદિર નિર્માણની પ્રવૃત્તિઓ પણ એ જ આશયથી અપનાવેલ છે. પરમેશ્વરની ધાતુ-પાષાણની પ્રતિષ્ઠિત પ્રતિમાઓ સાક્ષાત્ પરમેશ્વરનું જ પ્રગટ સ્વરૂપ છે. એવી માનીનતાથી તેમની વસ્ત્ર, આભૂષણો, ફૂલહાર, નૈવેદ્ય, આરતી, પૂજા, પ્રાર્થના, સ્તુતિ, દંડવત્ પ્રણામ ઈત્યાદિ સેવાપરિચર્યાયુક્ત-પૂજાવિધિ તેમણે ઉપદેશી છે. પ્રભુની પ્રસન્નતાને અર્થે એકાદશી ઉપવાસ, તપ, દેહદમન ઈત્યાદિ

વ્રતો તથા હીંડોળા, ફૂલદોલ, હોળી, જળયાત્રા, રથયાત્રા, અન્નકૂટ, દીપાવલી ઇત્યાદિ ઉત્સવો ઊજવવા; તથા મહાશિવરાત્રી, ગણેશચતુર્થી, હનુમાનજયંતી, રામનવમી-હરિજયંતી, જન્માષ્ટમી ઇત્યાદિ જન્મોત્સવો ઊજવવા વગેરે સેવાવિધિઓને પ્રભુપ્રીતિના સાધનરૂપે તથા પ્રભુપરાયણ રાખનાર ભક્તિપ્રકારો રૂપે સ્વીકાર્યા છે. સદ્‌ગુરુ થકી વિધિપૂર્વક પરમેશ્વરનું શરણ ગ્રહી, પ્રભુમંત્ર પામી, વર્તમાન ધરાવી સંપ્રદાયમાં દાખલ થવાનો વિધિ સર્વ વૈષ્ણવ સંપ્રદાયની માફક અહીં પણ છે. ચારે વર્ણના, હિંદુ-અહિંદુ, ન્યાત-જાત, વર્ગ કે દેશના ભેદભાવ રાખ્યા વગર સર્વે મુમુક્ષુઓને આ સંપ્રદાયમાં આશ્રિત તરીકે સ્વીકારાય છે. તેને સાંપ્રદાયિક ચિહ્નો જેવાં કે ઊર્ધ્વપુંડ્ર, તિલક-ચાંદલો, કંઠીધારણ અને જ્ઞાનભક્તિનો પૂર્ણ અધિકાર મળે છે. પૂજા, માળા, સ્તોત્ર, ધ્યાન પ્રદક્ષિણા અને શાસ્ત્રપઠનને નિત્ય નિયમ ગણ્યા છે. શ્રદ્ધા ને પ્રેમથી દૈનિક પંચકાળ માનસીપૂજા, આરતી અને ઉપદેશકથામૃતને પ્રભુપરાયણ કરનારી પ્રવૃત્તિ તરીકે સ્વીકારી છે. પરમેશ્વરને લક્ષ્યમાં રાખીને, તેમના માટેની સેવા તરીકે દેવમંદિરની સેવા, સફાઈ, ફૂલવાડી-બગીચા કરવાં, ભોજન પકવાન નૈવેદ્ય તૈયાર કરવાં, ભક્તજનોની ખાતર-બરદાસ્ત કરવી ઇત્યાદિને ભક્તિરૂપ ક્રિયા ગણી છે.

૩. **જીવનમુક્તિ (૭૪ થી ૭૮)** **(૧)** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ - આ ચારેનો વિકાસ સાધકના જીવનમાં આવશ્યક છે. એવી એકાંતિકી ભક્તિ જ મોક્ષ અર્થાત્ પરમ પદનો હેતુ છે. એકાંતિકી ભક્તિમાં પતિવ્રતા સ્ત્રીના જેવી અનન્ય નિષ્ઠા અને પરમ નિર્માનીપણાનું દ્યોતક એવું દાસત્વપણું અંતર્ગત છે. એકાંતિકી ભક્તિમાં પરમાત્માના પ્રગટ સ્વરૂપની ઉપાસના ભક્તિનો નિર્દેશ છે. **(૨)** જે મુમુક્ષુજન પ્રગટ બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુ પાસેથી જ્ઞાન-પ્રાપ્તિ અને અધ્યાત્મ સાધના કરે છે, તે જ મોક્ષને માર્ગે પૂરેપૂરો આગળ વધી પરમપદ પામી શકે છે, કારણ કે જે મુમુક્ષુજન ત્રણ ગુણ, ત્રણ અવસ્થા ને ત્રણ દેહથી પોતાના આત્માને વિલક્ષણ જાણીને, પ્રગટ અક્ષરબ્રહ્મના સાકાર સ્વરૂપ સંગાથે પોતાના આત્માની એકતા પ્રાપ્ત કરીને પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપની ભક્તિ કરે છે, તે જ જીવનમુક્ત થાય છે અને તે જ પરમપદ જે મોક્ષ તેને પામે છે અને તે જ પરમધામમાં (અક્ષરધામમાં) પરબ્રહ્મ પરમાત્માની નિત્ય સેવામાં સ્થાન પામે છે. (શિક્ષા. ૧૧૬, ૧૨૧ તથા લો. ૭ અને ગ.મ. ૩૦) **(૩)** (પ્રગટ) મૂર્તિમાન અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેનારો ભક્ત જ નિર્વિકલ્પ સમાધિવાળો છે અને તે જ મુક્તિને પામે છે. અને તે જ પરબ્રહ્મની નિત્ય ભક્તિનો અધિકારી બને છે. (ગ.પ્ર.૪૦, શિક્ષા-૧૨૧, ૧૧૬) અને તેથી જ અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જ અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ (મૂર્તિમાન - સાકાર - પ્રગટ) અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ એમ શ્રીજીમહારાજ કહે છે. (લો. ૧૨) કારણ કે ''મારું સ્વરૂપ તો માયાથકી મુક્ત ને પર એવું જે (સાકાર-અક્ષર) બ્રહ્મ તે છે.'' એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે છે. (ગ.મ. ૩૧) અને જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે. **(૪)** આમ, પોતાના જીવાત્માને એ બ્રહ્મ (પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ) સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી સેવકભાવે ઉપાસના કરવી. (ગ.મ. ૩) **(૫)** એ જ આત્યંતિકી મુક્તિનું સાચું સ્વરૂપ છે. કારણ કે ગુણાતીત થઈને જે ભગવાનને વિષે પ્રીતિ કરે છે એ (પ્રીતિ) જ બ્રહ્મસ્વરૂપ છે. (ગ.મ. ૪૩) **(૬)** ભગવાન કૃપાસાધ્ય છે. ભક્તનો અવિરત દાખડો અને અતિદૃઢ ભક્તિ દેખીને પોતે તેને આધીન થઈ જાય છે. (પ્ર. ૬૧) તેના પર પોતાની કૃપા-કરુણા વરસાવે છે અને તે મુમુક્ષુના દોષો વિકારો, અજ્ઞાન અને કારણ શરીરની વાસનાઓ પોતાના સંકલ્પમાત્રે ટાળીને તેનો મોક્ષ કરે છે ''માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.'' (સા., ૯) **(૭)** ''અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી. એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.'' (ગ.અં. ૭) **(૮)** માટે ''પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ (સદાય) ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ, તે અણુમાત્ર છેટે નથી.'' (સા. ૧૦) **(૯)** આ છે જીવનમુક્તિનો આદર્શ, આ છે જીવનમુક્તિની સ્થિતિ, આ છે અવિદ્યા અને કારણ શરીર-વાસનામય લિંગદેહથી મુક્તિ. **(૧૦)** જીવનમુક્તિ એટલે અવિદ્યા અને જન્મમરણના ફેરામાંથી નિવૃત્તિ અને ભગવાનના સાન્નિધ્ય અને સુખની અહોનિશ અનુભૂતિ. **(૧૧)** એવી રીતે જે (ભક્ત) ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે ..... એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. (કા.૧) **(૧૨)** આવી સિદ્ધદશા પામેલા તે જીવનમુક્તને પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહીં. (કા.૭) **(૧૩)** ટૂંકમાં, જીવનમુક્તિ, એ અવસ્થાની (સ્થિતિની)

પ્રાપ્તિ છે જેમાં આ ને આ દેહે પરમપદ પામ્યા જેવું (દિવ્યાનંદનું) સુખ (એ ભક્ત) ભોગવે છે. (ગ.મ. ૪૫) **(૧૪)** આવો જીવનમુક્ત દેહ મૂક્યા કેડે ભગવાનના ધામમાં જાય છે ત્યારે તેને ભગવાનની ઈચ્છા-કૃપાથી બ્રહ્મરૂપ દેહ (દિવ્ય-તેજોમય-પરમાત્મા સમાકાર-ભાગવતી તનુ) પ્રાપ્ત થાય છે. (ગ.પ્ર.૧, ગ.મ. ૬૬) **(૧૫)** આમ, વિદેહમુક્તિ એ દેહ મૂક્યા કેડે થતી પરમપદની પ્રાપ્તિ છે; જ્યારે જીવનમુક્તિ એ, એ જ સુખની દેહ છતાં અનુભવાતી (પૂર્ણકામપણાની) સ્થિતિ છે. આવો ભક્ત દેહ મૂક્યા કેડે (વિદેહમુક્તિમાં) ભગવાને આપેલ ભાગવતી તનુએ કરીને ભગવાનની સેવાને વિષે રહે છે. (ગ.પ્ર. ૫૩, ૬૩) **(૧૬)** અને ભગવાનનો ભક્ત જ્યારે દેહ મૂકે છે ત્યારે સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાન પોતે જ તેને સ્વધામ - અક્ષરધામમાં લઈ જવા દિવ્ય દેહે પધારે છે અને નિર્વાસનિક થયેલા બ્રાહ્મી સ્થિતિ પામેલા ભક્તજનને કૃપાએ કરીને અષ્ટપ્રકારની જડ પ્રકૃતિથી ભિન્ન એવો અપ્રાકૃત દિવ્ય ચૈતન્યમય (પ્રકાશમય) દેહ ભગવાન પોતે જ આપે છે, જેણે કરીને પરમધામ-અક્ષરધામમાં પરબ્રહ્મની સેવા-ભક્તિનું સુખ અને પરમાનંદ ચિરંતન માણે છે. **(૧૭)** ભગવાનના પરમ અક્ષરધામમાં પરબ્રહ્મ ભગવાન, અક્ષરબ્રહ્મ અને અક્ષરમુક્તો એ સર્વેનો આકાર ભગવાનના જેવો છે, સત્ય છે, દિવ્ય છે, અતિશય પ્રકાશે યુક્ત છે, પુરુષના જેવો દ્વિભુજ છે, ને સચ્ચિદાનંદરૂપ છે તો પણ મુક્તો પુરુષ છે, જ્યારે ભગવાન પુરુષોત્તમ છે ને તે સર્વમાં શ્રેષ્ઠ છે, ને એ સર્વેને ઉપાસ્ય છે ને સર્વેના સ્વામી છે (ગ.અં. ૩૭, ૩૮) ધામમાં અક્ષરબ્રહ્મ અને સર્વે મુક્તો દાસભાવે પરબ્રહ્મની નિત્ય નિરંતર ધ્યાન-ભક્તિમાં રત રહે છે. **(૧૮)** એવી રીતે ભગવાનના ભક્ત મુક્તિ દશામાં ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તો પણ, સ્વામી-સેવકપણું રહે છે. (ગ.મ. ૬૭) 'સાધર્મ્યપણું' એટલે પુરુષોત્તમ સમાકાર દિવ્ય તનુ પ્રાપ્ત થાય છે. પરંતુ પરમધામ-અક્ષરધામની (મુક્તિની) પ્રાપ્તિ થયા પછી પણ 'સ્વામી-સેવક' 'પરમેશ્વર-દાસ', 'ભગવાન-ભક્ત', 'ઉપાસ્ય-ઉપાસક' ભેદ અને સંબંધ નિત્ય નિરંતર રહે છે. ટૂંકમાં અક્ષરબ્રહ્મ (સાકાર અક્ષરબ્રહ્મના સ્વરૂપ) સાથે મુક્તો સર્વેનો અભેદ (ગુણસાધર્મ્યભાવના અર્થમાં), અને પરબ્રહ્મ સંગાથે ભેદ (સેવક/દાસ-પણાના અર્થમાં) કાયમ રહે છે. (ગ.મ. ૬૭ ને ૩૧) **(૧૯)** તેમજ, પ્રકાશપણે સજાતિપણું હોવા છતાં ભેદ અતિશય છે. (લો. ૧૫) **(૨૦)** અક્ષરધામમાં મુક્તો સર્વે નિરંતર પુરુષોત્તમની મૂર્તિનું અવર્ણનીય સુખ-આનંદ લેવામાં જ અખંડ રત હોય છે. **(૨૧)** આમ, સ્વામી-સેવકભાવની ભક્તિમાં દાસત્વપણું એ અમાનીત્વની પરાકાષ્ઠા છે. અહંકારનું સંપૂર્ણ નિરસન છે. 'સ્વ'ને ભૂલી 'પર'મય થવાનું ચરમ લક્ષ્ય છે તેથી બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવી, તેમના ચરણનું સેવન કરવું - તેને જ ઉપાસનાની સિદ્ધિ અને તેને જ મુક્તિ માની છે. (શિક્ષાપત્રી-૧૨૧)

૪. **પરબ્રહ્મનું સગુણ-નિર્ગુણ ઐશ્વર્ય (૨૮-૨૯)** **(૧)** પુરુષોત્તમનારાયણને તો સગુણ પણ ન કહેવાય અને નિર્ગુણ પણ ન કહેવાય. (ગ.મ. ૪૨) **(૨)** નિર્ગુણપણું અને સગુણપણું એ તો એ (ભગવાનની) મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે. (કા. ૮) **(૩)** ભગવાન પોતાની ઇચ્છાએ કરીને પોતામાંથી નિર્ગુણરૂપ ને સગુણરૂપ જે ઐશ્વર્ય તેને પ્રકટ કરીને પાછું પોતાને વિષે લીન કરે છે. (કા. ૮) **(૪)** ભગવાન નિર્ગુણરૂપે તો અતિસૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ છે અને સગુણરૂપે તો અતિ સ્થૂળ કરતાં પણ સ્થૂળ છે. अणोरणीयान् महतो महीयान् નિર્ગુણરૂપે ભગવાન અતિશય સૂક્ષ્મ છે અને અતિશય શુદ્ધ છે, અતિશય નિર્લેપ છે અને અતિશય પ્રકાશે યુક્ત છે, સર્વના આત્મારૂપે કરીને સર્વને વિષે રહ્યા છે તો પણ અતિશય નિર્વિકાર છે, ને અસંગી છે ને પોતપોતાને સ્વભાવે યુક્ત છે અને તે સરખો થવાને કોઈ સમર્થ નથી થતો... સર્વના આત્મા છે તો પણ અક્ષરપર્યંત કોઈ પણ પુરુષોત્તમ ભગવાન જેવા થવાને સમર્થ નથી થતા. (કા. ૮) **(૫)** સગુણપણે ભગવાનની અતિશય મોટાઈ સર્વોપરિ છે. પુરુષોત્તમ ભગવાનની મોટાઈ આગળ અષ્ટ આવરણે યુક્ત જે અનંતકોટિ બ્રહ્માંડ તે અણુની પેઠે અતિસૂક્ષ્મ ભાસે છે. પણ તે બ્રહ્માંડ કાંઈ નાના થઈ ગયાં નથી, એ તો ભગવાનની મોટપ આગળ નાનાં જણાય છે. (કા. ૮)

**('એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ', પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નનો મુદાસર જવાબ લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ લખેલા હોવા જોઈએ.**

**એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ કેવા હોય ? (૬ થી ૯)**

**(૧)** 'વાસુદેવ મહાત્મ્યને વિષે એકાંતિક ભક્તના ધર્મ કહ્યા છે, જે એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે અને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ.' (ગ.મ. ૨૨) **(૨)** તથા વાસુદેવ ભગવાનનો એકાંતિક ભક્ત કોને કહીએ તો જેને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે યુક્ત એવી વાસુદેવ ભગવાનની અનન્ય ભક્તિ એટલાં વાનાં હોય તેને એકાંતિક ભક્ત કહીએ. (ગ.અં.૩૩, ગ.મ.૩૮) **(૩)** એવા એકાંતિક ભક્તને નિર્વાસનિકપણું વર્તે છે. પંચવિષયને વિષે સમબુદ્ધિ વર્તે છે. નિંદા કે સ્તુતિ સરખાં લાગે છે. સારો સ્પર્શ ને ભૂંડો સ્પર્શ સરખો લાગે છે. સારું રૂપ તથા ભૂંડું રૂપ તથા

બાળ, યુવાન ને વૃદ્ધ જે સ્ત્રીઓ તથા કચરો અને કંચન એ સર્વે સરખું ભાસે છે. તેમજ સારાં અને ભૂંડા જે રસ ને ગંધ તે પણ સરખાં ભાસે છે. તે એવી રીતે સ્વભાવિકપણે વર્તતું હોય છે. (ગ.પ્ર. ૬૦) **(૪)** તેને ભગવાન વિના બીજી કોઈ વાસના હોતી નથી તે તો પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય છે. (ગ.પ્ર.૧૧) **(૫)** અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ''જે એકાંતિક હોય તે તો નિષ્કામ હોય, ને તે એક ભગવાનનું જ નિરૂપણ કર્યા કરે. ભગવાનના એકાંતિક ભક્તનું મન ભગવાનને મૂકીને ક્યાંય લોભાતું નથી. (ગ.મ.૨૨) **(૬)** એવો એકાંતિક ભક્ત તો ભગવાનની સેવા-ભક્તિ વિના ચતુર્ધા મુક્તિને પણ ઇચ્છતો નથી. (ગ.અં. ૩૩) **(૭)** તેને ભગવત્ સ્વરૂપની નિષ્ઠા અતિ દૃઢ અને પાકી હોય છે અને તેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક વર્તતું હોય છે. તેથી તે જ પાકો સત્સંગી છે. (ગ.મ. ૯) **(૮)** ભગવાન સ્વામિનારાયણે ગુરુ કરવા યોગ્ય અને મન-કર્મ-વચને જોડાઈને બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવા યોગ્ય પરમ એકાંતિક સંત કેવા હોય તેની સ્પષ્ટતા કરી છે. તેટલું જ નહિ, પરંતુ પરમ એકાંતિક સંત અને એકાંતિક ભક્ત વચ્ચેનો ભેદ બતાવતાં તેઓ કહે છે : 'મોટા પુરુષ પણ ચાર પ્રકારના છે. એક તો દીવા જેવા, ને બીજા મશાલ જેવા, ને ત્રીજા વીજળી જેવા ને ચોથા વડવાનળ અગ્નિ જેવા. તેમાં દીવા જેવા હોય તે તો વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય, ને મશાલ જેવા હોય તે પણ તેથી અધિક વિષયરૂપી વાયુ લાગે તો તેણે કરીને ઓલાઈ જાય ને વીજળી જેવા જે હોય તે તો માયારૂપી વરસાદને પાણીએ કરીને પણ ન ઓલાય અને વડવાનળ અગ્નિ જેવા હોય, તે તો વડવાનળ જેમ સમુદ્રમાં રહે છે, પણ સમુદ્રના જળનો ઓલાવ્યો ઓલાતો નથી અને સમુદ્રના ખારા જળને પીને મૂળ દ્વારે કાઢી નાખે છે. તે પાણી મીઠું થાય છે, તેને મેઘ લાવીને સંસારમાં વૃષ્ટિ કરે છે તેણે કરીને નાના પ્રકારના રસ થાય છે. તેમ એવા જે મોટા પુરુષ છે તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન- કર્મ-વચને કરે, તો તે જીવના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ આવે છે. તે વીજળીના અગ્નિ જેવા તો સાધનદશાવાળા ભગવાનના એકાંતિક સાધુ છે અને વડવાનળ અગ્નિ જેવા તો સિદ્ધ દશાવાળા ભગવાનના પરમ એકાંતિક સાધુ છે. (વર. ૩) **(૯)** આવા પરમ એકાંતિક સંતને જ પરમ ભાગવત સંત કહ્યા છે અને એને જ મોક્ષનું દ્વાર કહ્યું છે, એ દ્વારા જ ભગવાન પુરુષોત્તમ પૃથ્વી પર પંચાળાના ૭ પ્રમાણે પ્રગટ રહે છે, એને જ પ્રગટ ગુરુરૂપહરિ કહ્યા છે, એનામાં જ સર્વે નિષ્ઠા સરખી સંપૂર્ણ છે. તે દર્શાવતાં શ્રીહરિ કહે છે, 'પરમેશ્વરના ભક્ત હોય તેમાં કોઈને ધર્મનિષ્ઠા પ્રધાન હોય, ને કોઈને આત્મનિષ્ઠા પ્રધાન હોય, ને કોઈને વૈરાગ્યનિષ્ઠા પ્રધાન હોય, ને કોઈને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય અને ગૌણપણે તો એ સર્વે અંગ સર્વ હરિભક્તમાં હોય છે પણ જ્યાં સુધી એક એક નિષ્ઠાને વિષે વર્તતા હોય ત્યાં સુધી તો એ ચારે સરખા છે અને જ્યારે ચાર નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તેને પરમ ભાગવત કહીએ અને એને જ (પરમ) એકાંતિક ભક્ત કહીએ.' (ગ.પ્ર. ૪૭) **(૧૦)** આવા પરમ એકાંતિક સંત તો મહાકારણ દેહથી પણ પર છે અને તુર્યાતીત અવસ્થામાં પરબ્રહ્મની સેવા-ભક્તિમાં લીન રહેનારા છે. શિક્ષાપત્રીનો ૧૧૬માં શ્લોક તેમનામાં મૂર્તિમાન સાકાર થયેલો દેખાય છે અને લોયા ૭માં કહ્યું જે મોક્ષમૂલક જ્ઞાન તેનું એ મૂર્તિમાન સ્વરૂપ છે. માટે તેમને સંગે જ અવિદ્યારૂપ કારણ શરીરનો નાશ કરી, પરબ્રહ્મને ઓળખાવનારું તથા તેમાં જોડાનારું સત્યજ્ઞાન, કહેતાં પરાવિદ્યા પ્રાપ્ત થાય છે. તેથી જ ગ.પ્ર. ૭૩ પ્રમાણે તેમને નિર્દોષ સમજવાથી નિર્દોષ થવાય છે અને ગ.મ. ૩૧ પ્રમાણે તેમનો મનન દ્વારા સંગ કરવાથી બ્રહ્મરૂપ થવાય છે. (કારિયાણી-૧ પ્રમાણે કીટ ભ્રમર ન્યાયે) અને પરમપદ જે મોક્ષ તેને છતી દેહે પમાય છે.

**('ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ના આધારે)**

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોનો મુદાસર જવાબ લખો. (કુલ ગુણ : ૧૪)**

૧. **ઘરસભા : (૫૮-૫૯, ૬૧)** માણસ બૌદ્ધિક પણ છે અને લાગણીપ્રધાન પણ છે. માણસના પારસ્પરિક સંબંધો બુદ્ધિથી નહીં પણ લાગણીથી, સ્નેહથી બંધાયેલા હોય છે. સ્નેહના તાંતણે એકત્રિત થઈ રહેલા આબાલવૃદ્ધનો સમૂહ એટલે જ કુટુંબ કે પરિવાર. સ્નેહ વિના તો ટોળું કહેવાય. પરસ્પર સ્નેહ વિના માણસ સ્વકેન્દ્રી બની જતાં કોઈનું થોડું પણ સહન કરી શકતો નથી. કુટુંબના સમૂહમાં પોતાનું જ આગવું વ્યક્તિત્વ ઉપસાવવા મથતા અનેક પ્રશ્નો સર્જાય છે. આધુનિક યુગના ભોગવાદી વિચારોના ઝપાટાઓમાં સ્નેહના તંતુઓ છિન્નભિન્ન થઈ જાય છે. આ સ્નેહના તંતુઓને સમજણ અને જ્ઞાનના ઓપથી મજબૂત બનાવી, તેને ગૂંથી, એક કૌટુંબિક વસ્ત્ર તૈયાર કરતી હાથશાળ એટલે જ ઘરસભા. આત્મીયતાનો સેતુ એટલે ઘરસભા. ઘરની પ્રત્યેક વ્યક્તિનું ઘડતર કરતી શાળા એટલે ઘરસભા. ઘરના પરિવારજનોની, આબાલવૃદ્ધોની સૌની સત્સંગ સભા એટલે ઘરસભા. સત્સંગ વ્યક્તિને ઘડે છે. વ્યક્તિમાં સદાચારનાં બીજ વાવો છે. અંતર તપાસતાં શીખવે છે. પોતાના દોષ સાંભળી, અન્યના ગુણોને ગ્રહણ કરવાનો વિવેક શીખવે છે. પ્રભુભક્તિ વધે છે. નમ્રતા આવે છે. સત્સંગથી તો કંઈ કેટલાયે લાભ થાય છે. સત્સંગગંગા ઘરઆંગણે વહેતી થાય તો ઘર પણ તીર્થરૂપ બની જાય. ઘરને તીર્થ બનાવતી ગંગા એટલે ઘરસભા. ઘરસભા એટલે એક નાનકડી ઘર અદાલત - ઘરના સભ્યો સાથે સુમેળભર્યું વાતાવરણ - પૂર્વગ્રહોની અભેદ્ય દીવાલોને તોડનાર વજ્ર, એટમબૉમ્બ - હૃદયમાં ભગવાન અને સંતની શાશ્વત પધરામણી - સ્નેહ, સુહૃદભાવ, ઉષ્મા અને ઉદારતાની અમરવેલ - સાંપ્રત સામાજિક સમસ્યાઓનો અર્થપૂર્ણ ઉકેલ -

પરિવારને એકસૂત્રે બાંધનારું પ્રબળ માધ્યમ - ધાર્મિક વાતાવરણની જનેતા - સત્સંગ શિક્ષણ આપતો ઉપવર્ગ - રાજીપો પ્રાપ્ત કરવાનું એક અદ્વિતીય સાધન - સત્સંગબાગને કલ્લોલતો રાખતી અમૃતસરિતા.

**ઘરસભાથી થતા લાભ : (૫૯-૬૦) :-** (૧) બાળકોમાં સારા સંસ્કારો પડે છે. (૨) બાળકોની ટીવી જોવાની કૂટેવ દૂર થાય છે. તેથી તેઓ અભ્યાસમાં તેજસ્વી બને છે. (૩) કુટુંબના યુવાનોમાં નમ્રતા આવે છે અને વડીલો માટે માન વધે છે. (૪) વ્યસનો દૂર થાય છે. (૫) કુટુંબીઓમાં આત્મીયતા થાય છે અને અણસમજણ ને ઝઘડાઓ દૂર થાય છે. (૬) ક્રોધ, સ્વાદ, ઈર્ષ્યા, માન જેવા દુઃખકારી સ્વભાવો ટળે છે. (૭) વ્યવહારના સારા-માઠા પ્રસંગોમાં સ્થિરતા રહે છે. (૮) વ્યવહાર સુધરે છે (૯) ઘરમાં અખંડ શાંતિ રહે છે.

**પ્રમુખસ્વામી મહારાજ ઘરસભા માટે શું કહે છે ? (૬૦) :-** પહેલાં તો મા-બાપ પણ રામાયણ-મહાભારતની વાર્તાઓ છોકરાંઓને કરતાં અને સ્કૂલમાં પણ શિક્ષણ અપાતું જેથી ધાર્મિક સંસ્કારો સહેજે જ મળતા. જ્યારે આજનું વાતાવરણ જ એવું થઈ ગયું છે કે મા-બાપને પડી નથી અને શિક્ષણમાં ભણાવવામાં આવતું નથી. એટલે બહાર તો ધર્મના સંસ્કાર મળે એવું છે જ નહીં, તેથી ઘરમાં એ સંસ્કાર મળે એ બહુ જરૂરી છે. એટલે જ ઘરસભાની જરૂર છે. 'વાડે વેલો ચઢી જાય' એમ જે વાતાવરણમાં છોકરાં ઉછેરો, એવાં એ થઈ જાય. સત્સંગનું વાતાવરણ ઘરમાં હોય તો બાળક પણ વ્યવસ્થિત થાય. જીવનમાં, ઘરમાં અને સમાજમાં દિવ્ય વાતાવરણ થાય. 'ઘરસભા આત્મીયતાનો સેતુ છે. રજોગુણી વાતાવરણમાં સૌ પોતાની રીતે ખાઈ લે, સૂઈ જાય એટલે ઘરમાં એકબીજાને મળવાનું થાય જ નહીં, પછી મન નોંખા પડે. વાતવાતમાં ઝઘડો થાય. પછી ઘરમાં એકતા કે આત્મીયતા ક્યાંથી રહે ? ઘરસભા કરવાથી આત્મીયતા થાય છે. અણસમજણ દૂર થાય છે. આ દવા એવી છે કે ખોટું રિએકશન (વિપરીત આડઅસર) તો નહીં જ આવે. એમાં સુધરવાનું જ છે. માટે મહિમા સમજીને ઘરસભા નિયમિત કરવી. ઘરમાં બધાં સભ્યો ભેગાં ન થાય એવું નથી, પણ આપણી ઉત્કંઠા નથી એટલે નથી થતું. કોઈ કદાચ ન આવે તો એકલા કરવું. તોય બીજાને પ્રેરણા મળશે. બાળકને આ રીતે સંસ્કાર મળે નહીં તો જો બાળક હેરોઈનમાં ચઢી ગયો તો ખલાસ ! માટે ચેતતા નર સદા સુખી.'

૨. **ગુરુ અને ઈષ્ટદેવની મૂર્તિપૂજા શા માટે ? (૪-૩) ગુરુની મૂર્તિપૂજા શા માટે ?** દુનિયામાં રાજકીય નેતાઓની, રમતવીરોની કે વિવિધ ક્ષેત્રોમાં પારંગત થયેલા કલાકારોની પ્રતિમાઓ હોય છે. માનવી એમાંથી પ્રેરણા મેળવે છે. એમના માર્ગે ચાલી એમના જેવી કોઈક સિદ્ધિ જીવનમાં પ્રાપ્ત પણ કરે છે. પરંતુ આ નેતાઓની સિદ્ધિ પોતપોતાના ક્ષેત્ર પૂરતી મર્યાદિત હોય છે. વળી, વિવિધ ક્ષેત્રોમાં શિખરે પહોંચેલા કલાકારો, નેતાઓ જીવનની ભૂલભૂલામણીમાં, રાગદ્વેષ, સુખદુઃખ વગેરે દ્વન્દ્વોમાં અટવાઈ જતા જોવા મળ્યા છે અને જીવનમાં અંતે નિષ્ફળ ગયા છે. તો એમનો આદર્શ લેવાથી શો લાભ ? સાચો આદર્શ તો જીવનમાં સફળ થવું, સ્થિતપ્રજ્ઞસ્થિતિ ગુણાતીતસ્થિતિ પ્રાપ્તિ કરવી, પરમાત્માની પ્રાપ્તિ કરવી એ જ છે. એવા આદર્શની પ્રેરણા તો એવા સત્પુરુષમાંથી, ગુરુમાંથી જ મળે. જીવનમાં સાચો આદર્શ પ્રાપ્ત કરવા, એ માટેની પ્રેરણા મેળવવા માટે જ સત્પુરુષની, કહોને કે ગુરુની મૂર્તિની પૂજા આવશ્યક છે.

**ઈષ્ટદેવની મૂર્તિપૂજા શા માટે ?** આપણા ઈષ્ટદેવ-પરમાત્માના આપણા પર અગણિત ઉપકાર છે. આથી પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવા, આદર આપવા કહો ને કે એમની પૂજા કરવા આપણે ઉત્સુક બનીએ છીએ. પરંતુ પ્રશ્ન એ થાય કે પરમાત્માની પૂજા કરવી કઈ રીતે ? એ તો બધે જ છે. તો જેમ રાષ્ટ્રવીર, રમતવીર કે પોતાના પ્રિય નેતાને પૂજવા એની ચિત્રપ્રતિમા કે મૂર્તિને આપણે પૂજીએ છીએ, તેમ પરમાત્માની પૂજા કરવા આપણે પરમાત્માની મૂર્તિને પૂજીએ છીએ. એ પરમાત્માની જ પૂજા છે. સામાન્ય લોકનેતાની મૂર્તિમાંથી પણ પ્રેરણા મળે છે તો ઈષ્ટદેવની, પરમાત્માની મૂર્તિથી, એમણે કરેલ આપણા પરના અનંત ઉપકારો તથા દયા, સ્નેહ, પવિત્રતા, સત્ય, અહિંસા વગેરે દિવ્ય સદ્‌ગુણોની અમીટ છાપ આપણા અંતરમાં સહેજે ઊપસી આવે છે. પરમાત્માના ઉપકારોને ભૂલી જઈ આપણે ઘમંડી બની અધોગતિના પંથે લપસી પડીએ છીએ. આ ન થાય એ માટે પરમાત્માના દિવ્ય ગુણોને જીવનમાં પ્રગટાવવા માટે જ પરમાત્મા-ઈષ્ટદેવની મૂર્તિપૂજા અત્યંત આવશ્યક છે.

**(વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫ના આધારે)**

**અભ્યાસક્રમના ઉદ્‌ગીથ : ભાગ-૪ : ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : (૧) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના ભાગ નંબર/પાના નંબર દર્શાવે છે. (૨) જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા. (૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**૧. શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદનો સ્નેહ સંબંધ.**

૧. કચ્છના હિરજીભાઈને કલ્યાણના માર્ગમાં અક્ષરધામની અને પ્રગટ સ્વરૂપની કરેલ વાત. ૪/૨૨૬-૨૨૭
૨. લોયા શાકોત્સવ સમયે પોષી પૂનમના દિવસે મહારાજે કહેલી સ્વામીની મહત્તા. ૪/૨૬૩
૩. જુઓ અમારા તિલક ‘હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી !’ ૪/૨૭૯
૪. આ વાત સમજ્યે જ છૂટકો છે. ૪/૩૩૬
૫. લ્યો, અમારા જડભરત. ૪/૪૦૮
૬. અમે ભગવાનનું ધામ છીએ. ૪/૪૪૨
૭. તમને તો પરાણે મળવાનું મન થાય છે. ૪/૪૫૦
૮. અમે સ્વયં અમારા ધામ સાથે બોચાસણમાં બેસીશું. ૫/૮
૯. આ ભાદરાવાળા નિર્ગુણાનંદને તમે લઈ જાવ. તેઓ વેદાંતીઓનો પરાજય કરશે. ૫/૧૦૧
૧૦. આ સભામાં જૂનાગઢના મંદિરની મહંતાઈનો હાર જે લે તેને તમે પહેરાવો અને તમે આળશો. ૫/૨૦૬
૧૧. આ ગુણાતીતાનંદ સ્વામી અમારું અક્ષરધામ તમને બક્ષિસ આપીએ છીએ. ૫/૨૦૭
૧૨. અમારું સર્વસ્વ જે આ સાધુ તે સોરઠ દેશને કૃષ્ણાર્પણ કરીએ છીએ. ૫/૨૫૨
૧૩. મહારાજ સ્વામીનું ગાદી - તકિયાથી સન્માન કરે છે. તમારી મોટપ ગાદી-તકિયાથી નથી પણ અનાદિની છે. ૫/૨૫૩
૧૪. આ ગુણાતીતાનંદ સ્વામી અમારા જેવા જ છે. - જૂનાગઢના નવાબને. ૫/૨૫૬
૧૫. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ અમારા અક્ષરધામનો અવતાર છે. તેમનો સંબંધ જો મન, કર્મ, વચને રાખશો તો બ્રહ્મરૂપ થઈ અક્ષરધામના અધિકારી થશો. ૫/૨૫૭
૧૬. સ્વામી ! તમારા દર્શનથી શાંતિ થઈ ગઈ ! - ગઢપુરમાં માંદગી સમયે. ૫/૩૯૬
૧૭. એવો વખત આવશે ત્યારે અમે તમને બોલાવી લઈશું આપણે ક્યાં જુદા છીએ ? ૫/૪૦૧
૧૮. મીઠાં વ્હાલા કેમ વિસરું...... ૫/૪૨૫
૧૯. તેમને હું શી રીતે દૂર કરી શકું ? જ્યાં તે છે ત્યાં હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે. અમારાથી એ કઈ રીતે જુદા થઈ શકે ? - અંતિમ માંદગીમાં ગોપાળાનંદ સ્વામીને. ૫/૪૨૬
૨૦. અમારા અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામી અને આ રઘુવીરજી તેમનું તમે વિશેષ ધ્યાન રાખજો. - ગોપાળાનંદ સ્વામીને અંતિમ આદેશ. ૫/૪૨૭
૨૧. હું તો તમારામાં અખંડ રહ્યો છું. - દિવ્ય દેહે સ્વામીને. ૫/૪૩૬

**૨. પંચાળામાં શ્રીજીમહારાજે સંતો-ભક્તોને આપેલું અલૌકિક સુખ**

૧. પંચાળામાં ફૂલદોલોત્સવ : આ. સં. ૧૮૭૭ ૪/૨૭૩
૨. ધૂંવાબરાઈના કાશીરામ મહારાજનું પૂજન કરે છે. ૪/૨૭૩
૩. ‘લીધી લટકાળે નંદલાલ કે હાથ કબાણને’ ૪/૨૭૫
૪. કાળ થંભી જશે. ૪/૨૭૬
૫. ભક્ત અને ભગવાનનું તાત્ત્વિક ઐક્ય. ૪/૨૭૬
૬. મહારાજ પંચાળામાં. ૪/૩૬૬
૭. પંચાળાના શાખાનગરોની શોભા - સત્સંગમાં ગુપ્તપણે કુસંગ રહ્યો છે. ૪/૩૬૭
૮. ફૂલદોલનો ભવ્ય ઉત્સવ : આ.સં. ૧૮૭૯ - નરનારાયણ ઋષિના પ્રાદુર્ભાવનો ઉત્સવ ૪/૩૬૯
૯. અમારી સાથે રાસ રમો - પંચાળામાં મહારાસ. ૪/૩૭૧
૧૦. રંગલીલા. ૪/૩૭૫
૧૧. અક્ષર અહીં નથી દેખાતું ? - આ મહાદેવની યથાવિધિ પૂજા થાય તેવો બંદોબસ્ત કરાવજો. ૪/૩૭૭
૧૨. કમળશી ભગત. ૪/૩૭૮
૧૩. અદીબાનો પરિતાપ. ૪/૩૭૯
૧૪. રચ્યો મનોહર રાસ. ૪/૩૮૦
૧૫. આપણે ગામલોકોને જમાડવા છે. ૪/૩૮૧
૧૬. આ કોરા સુખડામાં આપણું પેટ ભરાય નહીં - ‘શેલણ’ જમાડો. ૪/૩૮૨
૧૭. એવા પાપીને તે વળી જમાડવાના હોતા હશે ? ૪/૩૮૩
૧૮. અમે આવો લહાવો લીધો નથી - મને વિષ્ટાની ગંધ આવે છે. ૪/૩૮૪-૩૮૫

૧૯. ઝીણાભાઈ મહારાજનું રાજોપચારથી પૂજન કરે છે. 'આવા સાધુ પાછળ લાખો મનુષ્યો ફરશે ત્યારે સત્સંગ યથાર્થ થયો ગણાશે. ૪/૩૮૭
૨૦. છ માસના બાળકો મહારાજનો મહિમા કહે છે - ગોપી ભટ્ટ બરોબર સેવા કરે છે ને ! ૪/૩૮૮
૨૧. આ ગોપી ભટ્ટનું શું કરવું ? - આ ચાર સંતો સનકાદિકો છે. ૪/૩૮૯-૩૯૦
૨૨. અમે ઝાઝા દિવસ રહીશું તો તમારી બાહ્ય વૃત્તિ થઈ જશે. ૪/૩૯૧

**૩. શ્રીજીમહારાજે સ્વયં કરેલી મંદિરોની સેવા તથા સેવાનો કહેલો મહિમા.**

૧. અમદાવાદ મંદિર નિર્માણમાં સેવા કરનાર કુબેરભાઈ તથા અંબારામને મહારાજે પાઘડી બંધાવી, દુપટ્ટાઓ આપ્યા અને સોનાની બે સેરની કંઠી બંનેને પહેરાવી આશીર્વાદ આપ્યા. ૪/૩૨૬
૨. 'અમેય ભીડામાં આવ્યા છીએ.' મહારાજે વરતાલ મંદિર નિર્માણ માટે રાજુબા પાસે કરેલી નાણાની માંગણી. ૪/૪૪૭
૩. વરતાલ મંદિરનો પાયો ગળાતો હતો ત્યાં જાતે બેસતા અને મહારાજ કહેતા, 'આ તો સાક્ષાત પુરુષોત્તમ નારાયણની સેવા છે. તે સેવામાં આપણો શ્રમ કામ આવી જાય તે આપણી ભક્તિ.' ૪/૪૪૮
૪. વરતાલ મંદિરમાં પાયામાં પૂરવાની ઈંટો ઈંટવાડામાંથી પાયામાં નાખવા માટે મહારાજ જાતે માથે ઉપાડીને લાવ્યા. 'અમને પણ ભક્તિનો લ્હાવો મળે !, અમે આ સેવા કરીએ એટલે આ સેવારૂપી ભક્તિનો મહિમા વધે.' ૪/૪૪૯
૫. 'આ ગારો નથી ચંદન છે.' વરતાલ મંદિર નિર્માણમાં સેવા કરતા સંતોને મહારાજ મળતા. ૪/૪૪૯
૬. બ્રહ્માનંદ સ્વામીની મંદિર નિર્માણમાં ઉત્સાહિત થઈ સેવા કરવાની અને ઈષ્ટદેવનો મહિમા વધારવાની ભાવના જોઈ મહારાજે આશીર્વાદ આપતાં કહ્યું, 'તમારા કાર્યમાં કોઈ વિઘ્ન નહિ આવે !' ૪/૪૫૨
૭. વરતાલ મંદિરનું અધૂરું કાર્ય ચાલતું હતું ત્યારે મહારાજ કડિયાને ચૂનાનું તગારું આપે છે, 'જ્યારે દેહથી ભગવાનની ભક્તિ થાય ત્યારે દેહ સાર્થક થયો કહેવાય !' મહારાજના ઉદ્ગાર. ૫/૨૦૩
૮. મહારાજ ઈંટો માથે ઉપાડે છે. નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી બંને તે ઈંટો માંગે છે. ગંગામાએ પણ મહારાજ પાસે તે સેવા માંગી. ૫/૨૦૪
૯. વરતાલમાં હરિભક્તોએ સંતો પાસે મજૂરી કરાવવાની ના પાડી. ત્યારે મહારાજે તેમને સમજાવ્યું, 'દેવ સેવા તે મજૂરી નથી, ભક્તિ છે. તે પ્રકારની ભક્તિ કરવાથી દેહભાવ ઘસાય છે.' ૫/૨૦૫
૧૦. ગઢપુર મંદિરના નિર્માણ સમયે પથ્થરના ગાડામાંથી સંતો પથ્થર ઉતારતા હતા. તે વખતે એક સંત માળા કરતા હતા. તેમને મહારાજે કહ્યું, 'મહાપુરુષ ! દેવની આવી સેવા મૂકીને લાકડાં શું તાણો છો ?' ૫/૨૫૮
૧૧. 'મંદિરના પાયામાં કોઈ એક શેરનો પાણો નાખશે તેને પણ અમે તેડવા આવીશું.' મહારાજના ઉદ્ગાર. ૫/૨૫૯
૧૨. ગઢપુર મંદિરના નિર્માણ વખતે જે ઘેલામાં ન્હાવા જાય તેણે પાયામાં પથ્થર નાખવા એક પથ્થર લેતા આવવાની મહારાજની આજ્ઞા. પોતે પણ લાવતા. - મંદિરના ચણતરમાં આવતા એકે એક પથ્થરને પ્રસાદીનો કરતા. ૫/૨૫૯
૧૩. 'મંદિર નિર્માણ વખતે કોઈ ધનથી, તનથી, વસ્તુઓથી કે નાણાં આપીને જે સેવા કરે છે. તેમનું સૌનું અમારે કલ્યાણ કરવું છે.' મહારાજ - દાદાખાચરને. ૫/૨૬૩
૧૪. ઘેલા કાંઠે પથ્થર તોડતા સંતોને કુંડળના ભોજા ભક્તે મદદ કરી પથ્થર તોડી આપ્યો તો મહારાજે તેમની છાતીમાં ચરણારવિંદ આપ્યા. ૫/૨૬૪
૧૫. રીસાયેલા રત્ના કડિયાને શબ્દ પ્રસંશાથી મહારાજે કામ પર ચડાવ્યો. ૫/૨૬૫
૧૬. ગઢપુર મંદિર નિર્માણ વખતે પણ ચૂનાના તગારા કડિયાને આપતા. ૫/૨૬૬
૧૭. કોઠારમાં દોકડોય ન હતો. ઉમરેઠના હરિભક્તોની સેવા - 'હરિભક્તો તો સારા હોય પણ સાધુ થકી અમારી રૂચિ સમજાય.' ૫/૨૬૭
૧૮. રૂડાભાઈ મહારાજના કહેવાનો મર્મ ન સમજ્યા અને બળદ અને ગાડું ન આપ્યા. તેથી અંતરમાં સેવા ન થઈ તેની બળતરા થઈ ૫/૨૬૮

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> **☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. 'દાદાખાચરને અમારાં રખવાળાં છે.'**

૧. અમારે તેની, તેના કુંટુબની ને ગરાસની ચિંતા રાખવી પડે છે ! અડધી હજામતે દાદાખાચર આવ્યા ત્યારે. ૪/૧૯૩
૨. 'સ્વામી ! સમજાયું. દાદાની ચિંતા અમારે માથે છે એમ જ ને ?' મહારાજ દાદાને રાજનીતિ ભણાવે છે. ૪/૧૯૪

૩. 'અમારા પરમ ભક્ત દાદાખાચરના દ્રોહથી એ પુણ્ય બળી ગયાં. અમારે જીવાખાચરને નૃસિંહ સ્વરૂપ બતાવવું પડશે.' દાદાનો શેરડીનો વાઢ સળગાવ્યો ત્યારે. ૪/૧૯૪
૪. કદાચ સો બસોના માથાં વધેરાઇ ગયાં હોત તો પણ દાદાખાચરની રક્ષા માટે એ ઓછું હતું. - જીવા બાપુએ ભાવનગરથી બોલાવેલા આરબો હાર્યા ત્યારે. ૪/૧૯૬, ૧૯૭
૫. દાદાને તો અમારાં રખવાળાં છે - જીવાબાપુના કારસ્તાન જોવા પધારેલ મહારાજ જીવાબાપુને કહે છે. ૪/૧૯૭
૬. દાદો તો તમારો દીકરો કહેવાય. માટે તમારે મોટું મન રાખવું જોઇએ. તમે તેના વિરુદ્ધ ભાવનગર જઇ ફરિયાદ કરવા ધારો છો પણ ફાવશો નહીં. - મહારાજ જીવા ખાચરને ૪/૨૯૨
૭. આ દાદાએ તેમનો આખો દરબારગઢ, ગાડાં, બળદ, માણસો બધું મંદિરની સેવામાં મૂકી દીધું છે - મહારાજ સૂરા ખાચરને. ૫/૨૬૨
૮. તારી અમારી પ્રત્યેની ભક્તિનો પણ કોઇ તાગ કાઢી શકે તેમ નથી - મહારાજે દાદાખાચરને સુવર્ણમંદિરના દર્શન કરાવ્યા ત્યારે ૫/૨૬૩

**૨. ક્ષમાનિધિ શ્રીહરિ.**

૧. દાદા ખાચર વિરુદ્ધ મહારાજની ના છતાં જીવા ખાચર ફરિયાદ કરવા ગયા. ઘોડી પરથી પડ્યા. તેમનો ગુનો હોવા છતાં મહારાજ તેમને મળવા પધાર્યા અને કામ, ક્રોધ, ઈર્ષાના વેગને મોળા પાડવાનો ઉપદેશ આપ્યો. ૪/૨૯૧
૨. વસ્તા ખાચર એ તો આપણા ખાતાનો જીવ છે. ૪/૪૫૯
૩. વસ્તાની ફજેતી થાય એવું કરવું નહીં. ૪/૪૬૨
૪. અમારી સાથે પણ આવી છેતરામણ ? (ભગા દોશી તો દેહ મેલી ગયા છે. જીવા ખાચર. આડસર કોરે રહી નથી ગયું. - મહારાજ) ૪/૪૬૮
૫. દ્વેષી જીવા ખાચરનું અંતસમયે મહારાજે કરેલું કલ્યાણ. ૫/૨૯૧-૨૯૨
૬. વડોદરાના મહારાજના દ્વેષી દીવાનને મહારાજનો ઉપદેશ. ૫/૧૫૩ થી ૧૫૫
૭. વડોદરાના દ્વેષી દીવાનજીને મહારાજ પોશ ભરીને સાકર અને આશીર્વાદ આપે છે. ૫/૧૫૬

**૩. મૂળીના રાજુબાની ભક્તિ.**

૧. અમારે અમારું બિરુદ જાળવવું પડે. લોયાના સૂરા ખાચર સાથે મહારાજ મૂળીમાં પાતલભાઈને ઘેર. ૪/૪૪૩
૨. રાજુ ! દર્શન કરી લે. તારી વૃત્તિએ અમને ખેંચ્યા. ૪/૪૪૪
૩. મહારાજના દર્શન ન થતાં રાજુબાએ કરેલો અન્નનો ત્યાગ. ૪/૪૪૪
૪. કંસારમાં વધુ ઘી નંખાવી થોડો જ કંસાર જમી મહારાજે કહ્યું, 'આ વધેલી બધી જ પ્રસાદી તમારે માટે છે. ૪/૪૪૫
૫. જીવનું પોષણ અમારા સંબંધથી છે, જ્યારે સંભારીશો, ત્યારે તરત જ તમને દર્શન દેવા આવી જઈશું. ૪/૪૪૫
૬. મહારાજની ટાઢ ઉડાડવા ઘરનું બધું બળતર, સાંગા માંચી, ગાડાનું પૈડું, બાળી દીધું અને રંગીન ઢોલિયાની ઈસો, પાયા પણ બાળવા તૈયાર થયા. ૪/૪૪૬
૭. આ કૃપાની મૂડી મારા અંતરમાં સચવાય એવી દયા કરો. ૪/૪૪૬
૮. રાજુ ! અમેય ભીડામાં આવ્યા છીએ. વરતાલ મંદિરના બાંધકામમાં નાણાની જરૂરિયાત - રાજુએ આપેલો ચંદનહાર. ૪/૪૪૭
૯. મારું સર્વસ્વ તો મારા અંતરમાં જકડાઈ ગયું છે. ૪/૪૪૭

૪. અંતર્ધાન થયા પછી શ્રીહરિએ દીધેલાં દર્શન.

૧. દાદાખાચરને બેઠકે લઈને ગોપાળાનંદ સ્વામી ગયાં ત્યારે મહારાજે દાદાને દર્શન દઈને કહ્યું, 'દાદા, હું શું ગયો છું ? તારા જેવા ભક્તના હૃદયમાં, તારા દરબારમાં, ગઢપુરની રજેરજમાં અને ગોપીનાથજીની મૂર્તિમાં હું રહ્યો છું.' ૫/૪૩૬
૨. મૂર્છાવશ થયેલા ગુણાતીતાનંદ સ્વામીને દર્શન આપી કહ્યું, 'સ્વામી ! આ શું ? શું હું ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું. એમ ત્રણ વાર બોલ્યા. ૫/૪૩૭
૩. મૂળજી બ્રહ્મચારીને અક્ષર ઓરડીમાં દર્શન દઈને કહે છે, 'બ્રહ્મચારી, ક્યારના ક્યાં ગયા હતા ? અમારી સાથે આટલો વખત રહ્યા છતાં અમને મૂએલા માન્યા ?' ૫/૪૩૮
૪. ગોપીનાથજીની આરતી વખતે ગોપીનાથજીની મૂર્તિને બદલે મહારાજે દર્શન દઈને ભક્તોને કહ્યું, 'અમે અમારા સ્થાનમાં બેસી ગયા છીએ. આ રીતે જ તમને દર્શન દેવા છે.' ૫/૪૩૯
૫. આરતી બાદ સૌ ભક્તો નીચે આવ્યા તો જે જ્યાં ગયા ત્યાં જેમકે લીંબતરૂ નીચે, વાસુદેવનારાયણના ઓરડામાં, સમગ્ર દરબાર મહારાજના જુદા જુદા સ્વરૂપોથી ભરાઈ ગયો. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'મહારાજ સત્સંગમાં અખંડ પ્રગટ છે. જ્ઞાનદષ્ટિથી હવે દેખાશે.' ૫/૪૪૦

૬. ઊગામેડી પાસે વડોદરાના રામચંદ્ર વૈદ્યને દર્શન દઈ પોતાની નાડી બતાવી કહ્યું, ‘ગઢપુર જાઓ અને ગોપીનાથજીના દર્શન કરો. અમે કાલે આવીશું.' ૫/૪૪૧
૭. ધોલેરાના અજુબા અને ફૂલીબાને નિંગાળા પાસે દર્શન દઈ કહ્યું, ‘અમે તો સાજા-સારા છીએ અને દર્શન દેવા ગામો ગામ ફરીએ છીએ.' ૫/૪૪૧
૮. આખામાં રાત્રે લાડુબાને જગાડીને કહ્યું, ‘અમારે વહેલી સવારે જમીને નીકળી જવું છે. માટે રસોઈ તૈયાર કરો ત્યાં સુધી અમે પોઢી જઈએ છીએ.' ૫/૪૪૨
૯. વડનગરના વિપ્રોને રસ્તામાં દર્શન દઈને કહ્યું, ‘તમે ગઢપુર જાવ, અમે આ બાજુના ગામે જઈને પાછા આવીએ છીએ.' ૫/૪૪૩

**(વિભાગ : ૩ - નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. બી.એ.પી.એસ.ના વિકાસમાં સત્પુરુષોની સાધુતા :**

(૧) કોઈપણ સંસ્થાના વિકાસમાં જુદા જુદા પરિબળો કારણભૂત હોય છે પણ મુખ્ય પરિબળો વગરની સંસ્થા શાશ્વત ટકી શકતી નથી. (ઉદાહરણ) (૨) બી.એ.પી.એસ. સંસ્થા આજે શતાબ્દિ ઊજવીને વિકાસના ઉચ્ચતમ શિખરે સ્થાપિત થઈ તેનું રહસ્ય છે તેના સત્પુરુષોની સાધુતા. (પ્રસંગો) (૩) ઈષ્ટદેવ શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન હોવા છતાં અનેક રાજવીઓનાં, દીવાનોના અપમાનો સહન કર્યા. સાધુઓને બાવાઓ મારતા તે સહન કર્યું. સાધુતા રાખીને સહન જ કર્યું. લોલંગર બાવો, અન્ય રાજવીઓ, બાવાઓના પ્રસંગો લઈ શકાય. (૪) ઈષ્ટદેવે સહન કર્યું અને તેટલું જ નહિ પણ તેથી પણ વિશેષ અપમાનો, માર. વગેરે પોતાના ઈષ્ટદેવના બળથી સહન કરીને સાધુતા દાખવી છે. (પ્રસંગો) (૫) ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છતાં સહન કર્યું. સહનશીલતાની પરાકાષ્ઠા શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજમાં જણાય છે. દરબારનો માર સહન કરીને તેને ઘેર પુત્રપ્રાપ્તિ થાય તેવી પ્રાર્થના તો ગુણાતીત સંત જ કરી શકે. શ્રીજીમહારાજની શિક્ષાપત્રી શ્લોક-૨૦૧નું દૃઢપણે પાલન - કોઈ કદાચ સહન કરી લે પણ તેનું હિત થાય તેવો વિચાર તો આવા સંતને જ આવે. (પ્રસંગો) (૬) ભગતજી મહારાજે પણ અપમાનો જ સહન કર્યા છે. યોગીજી મહારાજ તો જાણે માર સહન કરે (પ્રસાદી ગણીને) સાધુતાનું બીજું સ્વરૂપ એટલે બી.એ.પી.એસ.ની ગુરુપરંપરા. (૭) સંતની વ્યાખ્યા ‘શીતળતા, ઋજુતા, સાધુતા' એ બી.એ.પી.એસ. ગુરુપરંપરામાં મૂર્તિમાન દેખાય છે તેથી જ આ સંસ્થાના સત્પુરુષોથી સાધુતાના કારણે જ સંસ્થાનો ખૂબ વિકાસ થયો છે. - ઉપસંહાર.

**૨. જીવનના પ્રશ્નોનું શાશ્વત સમાધાન : આત્મા-પરમાત્માનું જ્ઞાન :**

(૧) મનુષ્ય જીવનમાં અનેક પ્રશ્નો આવે છે - અનેક પ્રકારના પ્રશ્નો આવે છે પરંતુ આ પ્રશ્નોનું સમાધાન મનુષ્યને મળે છે ખરું ? (૨) ભગવાન અને ગુણાતીત સંત જીવનમાં ઉઠતા અનેક પ્રશ્નોનું સમાધાન કરાવે છે. સામાજિક, આર્થિક, વ્યાવહારિક પ્રશ્નો લઈને હરિભક્તો, મુમુક્ષુઓ ગુરુ પાસે આવે, ગુરુ અથવા ગુણાતીત સંત ભગવાનને પ્રાર્થના કરીને તેમના પ્રશ્નોનું સમાધાન કરી આપે. (પ્રસંગો) (૩) પરંતુ મુમુક્ષુઓના પ્રશ્નોનું શાશ્વત નિરાકરણ કદિ આવે છે ખરું ? એક પ્રશ્નનું નિરાકરણ થાય ત્યાં બીજાં પ્રશ્નો આવીને ઉભા જ હોય. આ પ્રશ્નોના કાયમી નિરાકરણ માટેનો ઉપાય છે ‘આત્મા-પરમાત્માનું' જ્ઞાન. (૪) ‘હું આત્મા છું' એવું આત્મનિષ્ઠા રૂપી જ્ઞાન થાય તો જીવનમાં ઊઠતા પ્રશ્નોને મુમુક્ષુ સાહજિકતાથી ઉકેલી શકે. શારીરિક દુઃખો આવે, આર્થિક મુશ્કેલી આવે, આધ્યાત્મિક પ્રશ્નો આવે પણ હું આત્મા છું તેવું જ્ઞાન થાય તો દુઃખ સહન થઈ શકે, અપમાન સહન થઈ શકે. (સંતોના, મુમુક્ષુઓના, ગુરુપરંપરાના પ્રસંગો આપી શકાય) આવેલ દુઃખ કાયમ રહેવાનું નથી એવું બળ મળે. ભગવાન અને સંતના આશીર્વાદનું બળ મળે. (૫) ભગવાનને, સત્પુરુષોને પણ પ્રસંગો આવ્યા છે અને તેમણે સહન જ કર્યું છે, તેવી સમજણ રાખવાથી બળ મળે છે. જાતે જ પ્રશ્નોનું સુખદ સમાધાન મેળવી શકાય છે. (પ્રસંગો) (૬) તેથી જ આત્મારૂપ થઈને ભગવાનની ભક્તિ કરવાનો આદેશ સંસ્થાનો મુખ્ય સિદ્ધાંત છે અને તે રીતે વર્તીને આત્મારૂપે થઈને જેણે ભક્તિ કરી છે, ગુરુ પર, ઈષ્ટદેવ પર શ્રદ્ધા રાખી છે તેણે પોતાના પ્રશ્નોનું શાશ્વત સમાધાન પણ પ્રાપ્ત કર્યું છે.

**૩. પ્રાર્થના મારી અનુભુતિ : સદ્‌ગુરુ સંતોની કલમે :**

(૧) જેમ ભૌતિકવાદ વધ્યો તેમ મનુષ્ય ભગવાનને ભૂલતો ગયો. અનેક સમસ્યાઓમાં ડૂબતો ગયો. (૨) આવા

ભૌતિકવાદી વર્ગની સાથે સાથે એક વિશાળ વર્ગ એવો પણ છે કે ગુરુના માર્ગદર્શન મુજબ અનેક સમસ્યાઓ વચ્ચે પણ દિવ્ય શાંતિનો અનુભવ કરી શકે છે. કઈ રીતે ? તો પ્રાર્થનાના માધ્યમથી. પ્રાર્થના એ પરમાત્મા સાથેની ગોષ્ઠિ છે. પરમાત્માને ગુરુને પ્રાર્થના કરવાથી અનેક મુશ્કેલીઓમાંથી માર્ગ પ્રાપ્ત થાય છે. (પ્રસંગો) (૩) પ્રાર્થના અનેક હેતુથી કરવામાં આવે છે. 'આધ્યાત્મિક માર્ગે આગળ વધવા માટે, આ લોકના દુઃખોમાંથી મુક્તિ મેળવવા માટે, અન્યની મુશ્કેલી માટે, દેહમાં આવતા રોગો માટે પ્રાર્થના કરવામાં આવે છે. વિદ્યાર્થી અભ્યાસમાં સફળતા મેળવવા માટે પ્રાર્થના કરીને બળ મેળવે છે. (પ્રસંગો) (૪) પરમાત્માને સાચા દિલથી, શ્રદ્ધાથી કરેલ પ્રાર્થના ફળે છે. આપત્તિમાં પ્રાર્થના કરવાથી આપત્તિ ટળી જાય છે. ગજેન્દ્રની પ્રાર્થના, દ્રોપદીની પ્રાર્થના વગેરે ઉપરાંત પ્રસંગો લઈ શકાય. (૫) ઘણી વખત પ્રાર્થના તરત ફળે છે. ઘણી વખત વર્ષો બાદ પણ ફળે છે. કારણ સુખ અને દુઃખ બંને એક સિક્કાની બે બાજુ છે. સ્વામીશ્રી કહે છે 'દુઃખ તો ભગવાનના અવતારોને પણ આવ્યાં છે, સંતોન પણ આવ્યા છે માટે દુઃખ સહન કરવું જ પડે - પરંતુ પ્રાર્થના કરવાથી દુઃખ ઓછું થાય છે, સાથે સાથે દુઃખ સહન કરવાનું બળ પણ પ્રાર્થનાથી મળે છે. (પ્રસંગો) (૬) પ્રાર્થના ભક્ત અને ભગવાન વચ્ચેની કડી. વૈજ્ઞાનિકો, ડૉક્ટરો પણ પ્રાર્થનાનો આધાર લે છે. કોઈપણ પ્રાર્થના ક્યારેય નિષ્ફળ જતી નથી. સ્વામીશ્રી પણ ભગવાના ધારક સંત હોવા છતાં સંસ્થાના પ્રશ્નોમાં, હરિભક્તોના પ્રશ્નોમાં, સામાજિક પ્રશ્નોમાં, કુદરતી આપત્તિ વખતે ભગવાનને પ્રાર્થના કરે જ છે. યોગીજી મહારાજ પણ દરેક કાર્ય માટે પ્રાર્થના કરાવતા, ધૂન કરાવતા (સાધુ વધે, સત્સંગમાં વિકાસ વગેરે માટે) (૭) આ લોકની મુશ્કેલી કે પ્રશ્નો માટે તો પ્રાર્થના કરીએ પણ શ્રીજીમહારાજ આધ્યાત્મિક માર્ગે આવતા વિઘ્નો માટે પ્રાર્થના કરવાનું જણાવે છે. અહં મમત્ત્વરૂપી માયાથી રક્ષા કરવાની, ચાર પ્રકારના કુસંગી થકી રક્ષા કરવાની વાત કરે છે. અંતમાં, શારીરિક દુઃખો તેમજ આ લોકના દુઃખો તો આવશે જ પણ બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરીએ એવી પ્રાર્થના એ ઉચ્ચત્તમ પ્રાર્થના છે. આ અંતિમ લક્ષ્ય સુધી પહોંચવા માટેની પ્રાર્થનામાં જ બધી પ્રાર્થનાઓ સમાઈ જાય છે તેથી આવી પ્રાર્થના કરીએ તો ગમે તેવા દુઃખોના સાગરમાંથી પણ હસતાં હસતાં બહાર નીકળી શકીએ.

❑ ❑ ❑